# દેશમાં કોરોનાનો આંક ૫૪ લાખને પાર

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૪૧૬૨ કેસ : મૃત્યુઆંક ૮૬,૭૫૨એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૨૦

દેશમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. એક તરફ વિશ્વમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશોની યાદીમાં પહેલા સ્થાને અમેરિકામાં નવા કેસોની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે ભારતમાં રેકોર્ડતોડ કોરોના કેસો નોંધાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી દૈનિક ૯૦ હજારથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. એકવાર ફરી ભારતમાં વિશ્વમાં સૌથી વધુ કેસો નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે ભારતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના ૯૨,૬૦૫ નવા કેસ નોંધ્યા છે. આના પગલે કોરોનાના કેસનો આંકડો ૫૪ લાખ પાર થઈ ગયો છે. તે બાબત નોંધનીય છે કે કોરોનાના આંકડામાં ભારત હવે બ્રાઝિલને પાછળ છોડીને બીજા નંબરે આવી ગયું છે.

દિવસ દરમિયાન કોરોનાના લીધે ૧૧૩૩ મોત થયા હતા. આના પગલે ભારતમાં કોરોનાના લીધે મૃત્યુ પામનારાઓની સંખ્યા ૮૬,૭૫૨ પર પહોંચી ગઈ છે. નોંધનીય વાત એ છે કે છેલ્લા કેટલાય દિવસોથી કોરોનાના લીધે મૃત્યુ પામનારાઓની સંખ્યા ૧,૦૦૦થી ઉપર રહી છે. ફક્ત પહેલી સપ્ટેમ્બરના રોજ જ આ આંકડો ૯૦૦થી નીચે રહ્યો હતો. જ્યારે ૧૬મી સપ્ટેમ્બરના રોજ પ્રતિ દિન ૧,૨૦૦નો આંકડો વટાવ્યો હતો.

જોકે થોડા દિવસ સુધી દેશમાં કોરોનાના પ્રતિ દિન આંકડા ૮૦,૦૦૦ની નીચે રહ્યા હતા, જો કે ૧૭મી સપ્ટેમ્બરમાં રોજ નોંધપાત્ર ઉછાળાના લીધે તેનો આંકડો ૯૭,૮૯૪ નોંધાયો છે.

કોરોનાના નોંધાયેલા કુલ ૫૪ લાખ કેસમાંથી કુલ ૪૩ લાખ લોકો સાજા થઈ ગયા છે. તેની સાથે એક્ટિવ કેસનો આંકડો પણ દસ લાખને વટાવી ગયો છે. આમ દેશનો રિકવરી રેટ ૭૯.૬૮ ટકા છે. વાસ્તવમાં રિકવરી રેટ ૨૭મી ઓગસ્ટ પછી થોડો ઘટ્યો છે, તેનું કારણ એક્ટિવ કેસમાં થયેલો વધારો છે. તે કેસોમાં થયેલા ઝડપી વધારાના લીધે ૭, ૧૦ અને ૧૧મી સપ્ટેમ્બરના રોજ પણ ઘટ્યો હતો.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં કુલ ૬.૩૭ કરોડ કોવિડ પરીક્ષણ થઈ ચૂક્યા છે. તેમા ૨૦મી સપ્ટેમ્બરના રોજકુલ ૧૨ લાખ સેમ્પલનું પરીક્ષણ થયુ હતુ, જે અત્યાર સુધીનું એક જ દિવસમાં સૌથી વધુ થયેલું પરીક્ષણ છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ વ્યૂહરચનાના આધારે ભારતે તેની પ્રતિ દિન પરીક્ષણ ક્ષમતા દસ લાખ પર પહોંચાડી દીધી છે

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૧૦૫૭૬૫૩ | ૯૬૨૫૧૮ | ૨૨૬૫૨૫૭૨ |
| ભારત | ૫૪૪૫૬૪૭ | ૮૭૨૪૩ | ૪૩૪૮૧૫૪ |
| ગુજરાત | ૧૨૩૩૩૭ | ૩૩૨૨ | ૧૦૩૮૭૫ |
| ગાંધીનગર | ૩૨૧૯ | ૧૮૫ | ૨૬૧૧ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૪૦૭ કેસ

## ગુજરાતભરમાં ૧૭નાં મોત : અત્યાર સુધીમાં ૩૩૨૨ લોકોના મૃત્યુ થયા, ૧૦૩૭૭૫ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૯૨ લોકો વેન્ટીલેટર ઉપર છે

ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં આજે ૨૪ કલાકમાં ૬૦૬૮૭ ટેસ્ટ કરવામાં આવતા કોરોના પોઝિટિવના ૧૪૦૭ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૧ લાખ ૨૩ હજારને પાર થઈ ૧૨૩૩૩૭ થયો છે. રાજ્યમાં આજે ૧૭ દર્દીના મોત કોરોનાને લીધે થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૩૨૨ થયો છે. રાજ્યમાં આજે ૧૨૦૪ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ સાથે કુલ ડિસ્ચાર્જની સંખ્યા ૧૦૩૭૭૫ થઈ છે.

રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૨૪૦ એક્ટિવ કેસ છે અને ૯૨ વેન્ટીલેટર પર છે જ્યારે ૧૬૧૪૮ સ્ટેબલ છે. રાજ્યમાં સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવના આંકડા ૧૪૦૦ને પાર થઈ રહ્યો છે.

રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૭ દર્દીના મોત થયા હતા. જેમાં અમદાવાદ શહેરમાં ૪, સુરત શહેરમાં ૪ અને જિલ્લામાં ૧, ગાંધીનગરમાં ૩, ભાવનગર શહેરમાં ૨ અને જિલ્લામાં ૧, જુનાગઢમાં ૧ અને રાજકોટ શહેરમાં ૧ કેસ નોંધાયા છે. અમદાવાદ શહેરમાં આજે ૧૬૧ અને જિલ્લામાં ૨૨ સાથે ૧૮૩ કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ સંક્રમિતનો આંકડો ૩૪૯૪૨ થયો છે. જ્યારે ચારના મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૭૮૩ થયો છે. સુરત શહેરમાં ૧૮૧ અને જિલ્લામાં ૧૦૨ સાથે કુલ ૨૮૩ કોરોનાના કેસ આજે નોંધાયા હતા. આ સાથે સુરતમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૬ હજારને પાર થઈ ૨૬૦૩૨ કેસ નોંધાયા. આજે વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૭૩૧ થયો.

વડોદરા શહેરમાં ૯૮ અને જિલ્લામાં ૪૨ સાથે ૧૪૦ કોરોનાના કેસ આજે નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૦૭૩૦ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૪ અને જિલ્લામાં ૬૦ સાથે ૧૬૪ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૭૭૩૬ થયો છે. આજે ૧ મોત નોંધાતા મૃત્યુઆંક કુલ ૧૨૨ થયો છે. જામનગર શહેરમાં ૧૦૫ અને જિલ્લામાં ૨૪ સાથે કુલ ૧૨૯ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫ હજારને પાર થઈ ૫૦૪૭ થયો છે.

## ગાંધીનગર સચિવાલયમાં આત્મહત્યા કરી લેનાર પી.આઈ પ્રિતેશ પટેલનો મૃતદેહ માદરે વતન બાયડ લવાયો

બાયડ, તા. ૨૦

બાયડની વ્રજ ગાર્ડન સોસાયટીમાં રહેતા અને ૨૦૦૮માં પોલીસ સર્વિસમાં જોડાયેલા અને ગાંધીનગર સચિવાલયમાં સલામતી શાખાના પીઆઈ ૪૧ વર્ષીય પ્રિતેશ પટેલે સચિવાલય સંકુલમાં ગૃહવિભાગની સામે આવેલા પાર્કિંગમાં પોતાની કારમાં સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરી લેતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો હતો. પીઆઈ પ્રિતેશ પટેલે આત્મહત્યા કરી લેતા તેમના પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. વતન બાયડ પંથકમાં ભારે શોકગ્ની છવાઈ હતી. પીઆઈ પટેલના મૃતદેહને માદરે વતન બાયડમાં લવાતા અરવલ્લી પોલીસે પીઆઈ પ્રિતેશ પટેલના પાર્થિવદેહને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ગાર્ડ ઓફ ઓનર બાયડ મહિલા પીઆઈ ગોહિલ ઉપસ્થિતિમાં અપાયું હતું. પીઆઈ પી.જે. પટેલની અંતિમવિધિમાં સમાજના અગ્રણીઓ અને શહેરના લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.



બાયડના વેપારી પરિવારના પુત્ર એવા પીઆઈએ આત્મહત્યા કરી લેતા તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે.

અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં ફરજ બજાવી ચૂકેલ પીઆઈ પ્રિતેશ જે. પટેલ થોડા સમય અગાઉ બાયડથી પરિવાર સાથે ધો.૧૨ માં અભ્યાસ કરતી પુત્રી અને ધો.૫માં અભ્યાસ કરતા બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે ગાંધીનગર સરગાસણ ખાતે શીફ્ટ થયા હતા. મૃતક પીઆઈના પત્ની ડાભા નજીક આવેલ માનપુર શાળામાં ફરજ બજાવી રહ્યા છે. શનિવારે મોડી રાત્રી સુધી પીઆઈ પ્રિતેશ પટેલ તેમના ઘરે ન પહોંચતા તેમના પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી જેના પગલે પોલીસે તપાસ કરતા આત્મહત્યાની આ ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ૪૧ વર્ષીય પ્રિતેશ જે. પટેલે કયા કારણોસર આત્મહત્યા કરી તે હજી જાણી શકાયુ નથી. પરંતુ તેમની આત્મહત્યાથી વતન સહીત પોલીસ બેડામાં અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ છે. હાલ પોલીસ પી. જે. પટેલની આત્મહત્યા પાછળના કારણો શોધવામાં લાગી ગઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## ઊંઝા એપીએમસીના કોરોનાગ્રસ્ત વાઈસ ચેરમેન શિવમ રાવલનું નિધન

ગુજરાત રાજ્યમાં જીવલેણ કોરોના વાયરસે ઘણા લોકો નો ભોગ લીધો છે. ઉલ્લેખનીય છે કે વધુ એક દુખદ અહેવાલ ઉંઝાથી સામે આવ્યા છે. જેમાં ઊંઝા એપીએમસીના વાઈસ ચેરમેન શિવમ રાવલનું કોરોનાથી નિધન થયુ. છે. તેઓ કોરોના સામેનો જંગ હારી ગયા. અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં છેલ્લા દોઢ મહિનાથી તેમની સારવાર ચાલતી હતી. તેઓ કોરોનાથી સંક્મિત હતા. નોંધપાત્ર છે કે તેમના માટે લંગ ટ્રાન્સપ્લાન્ટ માટે એર એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરી દેવાઈ હતી. પરંતુ મોડી રાત્રે તબિયત લથડતા રાત્રે ૨ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા. ઉલ્લેખનીય છે કે શિવમ રાવલ સત્તાધારી પક્ષના કાર્યકરત હતા. તેઓ ઉંઝા એપીએમસીમાં વાઈસ ચેરમેન પદ પર હતા. ઉલ્લેખનીય છે કે તેઓ જીવલેણ વાયરસ સામેની લડાઈમાં હારી ગયા, અને કરૂણ નિધન થયું છે. નોંધપાત્ર છે કે તેમના નિધનના સમાચારથી સમર્થકો અને ઉંઝા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો માં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. ઊંઝાના એક પ્રખર રાજકારણી પણ હતા.

## ગુજરાત રાજ્ય બજાર સમિતિના કર્મચારીઓની માંગણી નહીં સ્વિકારવામાં આવે તો આજે કર્મચારીઓ વિધાનસભામાં રજુઆત કરશે

ગુજરાત રાજ્યમાં ૨૨૪ બજાર સમિતિઓ આવેલ છે જેના ૩૦૦૦ જેટલા કાયમી કર્મચારીઓ છે. ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ની કલમ ૫૭ મુજબ બજાર સમિતિના તમામ કર્મચારીઓ રાજય સેવક ગણાય છે. ૧૯૬૩ના બજાર ધારા મુજબ સમગ્ર તાલુકો બજાર વિસ્તાર ગણાતો હતો અને સમગ્ર તાલુકામાં બજાર સમિતિનું નિયંત્રણ હતું તેમજ બજાર વિસ્તારમાં કોઈપણ જણસીનું ખરીદ વેચાણ થતું તો તેની માર્કેટ ફી ની આવક બજાર સમિતિને મળતી હતી.

૧૯૬૩ બજાર ધારા મુજબ સમગ્ર તાલુકો બજાર વિસ્તાર હોય જેની આવક અને કામગીરીને ધ્યાને રાખી બજાર સમિતિઓમાં કર્મચારીઓની ભરતી સરકારના નીતિનિયમો મુજબ કરવામાં આવેલ હતી પરંતુ તા. ૬-૫-૨૦૨૦ના રોજ સરકાર દ્વારા બહાર પડેલ વટહુકમમાં બજાર સમિતિનો બજાર વિસ્તારમાં ફેરફાર કરી બજાર સમિતિના પ્રિમાઈસીસ પુરતા મર્યાદિત કરી દેવામાં આવે છે જેને કારણે આવકમાં ખુબ મોટો ઘટાડો થનાર છે. આ વટહુકમ આવ્યા બાદ કડાણા, સોનગઢ, કઠલાલ જેવી બજાર સમિતિ પગાર કરી શકતી નથી તેમજ કોટડાસાંગાણી અને કડાણા જેવી બજાર સમિતિ ઓનું વિભાજન થવાથી જમીન પણ ઉપલબ્ધ નથી.

## ધાનેરાના દેઢા ગામની ગ્રામ પંચાયતને લોકોએ તાળું માર્યુ

ધાનેરા ના દેઢા ગામ પંચાયત ને આજે લોકો એ તાળું મારી દીધું છે તલાટી ની અનિયમીતતા કંટાળેલા ગ્રામજનોએ આજે ડેઢા ગ્રામ પંચાયત કચેરીને તાળુ મારી રામધૂન બોલાવી હતી તેમજ નિંદ્રાધીન તંત્ર સામે રોષ ઠાલવ્યો હતો..... વારંવાર રજૂઆત કરવા છતાં પણ તલાટીની બદલી ન થતા આખરે કંટાળીને ગ્રામજનોએ ગ્રામ પંચાયતને જ તાળું મારી દીધું છે અને જ્યાં સુધી તલાટીની બદલી નહીં થાય ત્યાં સુધી તાળું ખોલવાનો પણ ઈનકાર કર્યો છે ત્યારે હવે ગ્રામજનોના વિરોધ બાદ તંત્ર તલાટી સામે શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.



ગ્રામજનોએ વારંવાર રજૂઆત કરી હોવા છતાં પણ કોઈ જ કાર્યવાહી ન થતાં આખરે રોષે ભરાયેલા લોકોએ ગ્રામ પંચાયત ને તાળુ મારી વિરોધ દર્શાવ્યો છે.

ધાનેરા ના ડેઢા ગ્રામ પંચાયતમાં છેલ્લા ઘણા સમયથી તલાટીની અનિયમિતતાને લીધે લોકો પરેશાન હતા. જે મામલે ગ્રામજનોએ ધાનેરા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં અનેકવાર રજૂઆત કરી હતી તેમ છતાં પણ તલાટી ની અનિયમીતતા સામે ન તો કોઈ કાર્યવાહીથી, કે ન તો પછી તલાટીની બદલી થઈ જેના કારણે ગામનો વિકાસ રૂંધાતો હતો અને લોકોના પણ અનેક કામો અટવાઈ પડયા હતા. ગ્રામજનોએ ઉચ્ચ સ્તરે લેખિત રજૂઆત કરી હતી અને તલાટીની બદલી કરવાની માંગ કરી હતી તેમ છતાં પણ આ મામલે કોઈ જ કાર્યવાહી ન થતા આખરે કંટાળેલા ગ્રામજનોએ આજે ગ્રામ પંચાયતને તાળું મારી દીધું હતું.

### સંખ્યા વધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૨ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨ માંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. આ સેક્ટરમાંથી કેસોની સંખ્યા સતત વધી રહી છે તેથી તંત્રએ આ સેક્ટરમાં સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે. આજે એક ૮૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સે. ૨૨ માંથી એક પોલીસ કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં વડોદરા કોર્ટમાં આસિ. જુનિ. ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૩૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ સેક્ટરમાં જ રહેતા અને પ્રવાસન મંત્રીના પી.એ. તરીકે ફરજો બજાવતા ૭૧ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. શરૂઆતથી જ આ સેક્ટર કોરોના માટે સંવેદનશીલ બન્યુ છે. સે. ૨ માં રહેતા એક ખાનગી યોગા ટીચરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ટોરેન્ટ પાવરમાં ફરજો બજાવતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. સે. ૭ માં રહેતી અને શિક્ષણ વિભાગમાં નાયબ સેક્શન અધિકારી તરીકે સેવાઓ આપતી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી આજે વધુ બે કેસ મળ્યા છે. ૮૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૪ માંથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૬ માંથી એક ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યામાં વધારો થયો છે. હાલ શહેરમાં ૨૨૫ થી વધુ વિસ્તારોમાં ૧૫ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

## એન્જેલ બ્રોકિંગ લિમિટેડનો આઈપીઓ ૨૨મીએ ખુલશે

### ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરની પ્રાઇસ બેન્ડ ૩૦૫થી ૩૦૬ નક્કી કરવામાં આવી

એન્જેલ બ્રોકિંગ લિમિટેડ (“કંપની”) ભારતમાં ૩૦ જૂન, ૨૦૨૦ના રોજ એનએસઈ પર એક્ટિવ ક્લાયન્ટની દ્રષ્ટિએ સૌથી મોટા રિટેલ બ્રોકિંગ હાઉસ પૈકીની એક છે (સ્રોતઃ ક્રિસિલ રિપોર્ટ). કંપની ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા એના ઈક્વિટી શેર (“ઈક્વિટી શેર” અને પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, “ઓફર”)નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) લાવશે. ઓફર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૦૫થી રૂ. ૩૦૬ નક્કી કરવામાં આવી છે.

આઈપીઓમાં કંપનીના ઈક્વિટી શેર સામેલ છે, જે એકંદરે રૂ. ૬,૦૦૦.૦૦ મિલિયનના છે, જેમાં રૂ. ૩,૦૦૦.૦૦ મિલિયન સુધીના કંપનીના ફ્રેશ ઈશ્યૂ (“ફ્રેશ ઈશ્યૂ”) તથા રૂ. ૩,૦૦૦.૦૦ મિલિયનની વેચાણ માટે ઓફર (“ઓફર ફોર સેલ”) સામેલ છે, જેમાં અશોક ડી ઠક્કર દ્વારા રૂ. ૧૮૩.૩૫ મિલિયનની અને સુનિતા એ મગ્નાનીના રૂ. ૪૫.૦૦ મિલિયનની વેચાણ માટે ઓફર ફોર સેલ સામેલ છે (સંયુક્તપણે “પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર”) અને આઈએફસી દ્વારા રૂ. ૧,૨૦૦.૦૨ મિલિયન (“ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર”) અને રૂ. ૧,૫૭૧.૬૩ મિલિયન સુધીના ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર સાથે સંયુક્તપણે “વિક્રેતા શેરધારકો”) સામેલ છે (ફ્રેશ ઈશ્યૂ સાથે ઓફર ફોર સેલ સંયુક્તપણે “ઓફર”). બિડ્સ લઘુતમ ૪૯ ઈક્વિટી શેર માટે અને પછી ૪૯ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

### કચેરી બંધ કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે પાંચથી વધુ કેસો જે કચેરીઓમાંથી નોંધાયા છે ત્યાંથી આ પગલાંઓ લેવાની કામગીરીનો આરંભ થશે. બીજી તરફ જે રીતે સિનીયર સિટીજનો કોરોનામાં સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રએ આ મુદ્દે સિનીયર સિટીઝનોને અનિવાર્યતા ન હોય તો બહાર ન નીકળવાની વારંવાર વિનંતી અને અપીલો કરી છે તે પણ નોંધનીય છે.

### અલાયદા વોર્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગ જોવા મળતા હોય છે. પરંતુ સિવિલ હોસ્પિટલ દ્વારા કોરોના ગ્રસ્ત વયોવૃધ્ધ દર્દીઓની દરકાર કરીને તેઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે, પ્રાથમિક સારવારથી લઈ ઈમરજન્સી સારવાર, સારસંભાળમાં કોઈપણ પ્રકારની અગવળ કે તકલીફ ઉભી ન થાય તે કારણોસર સ્વાસ્થય સેવાઓમાં વધુ એક છોગુ ઉમેરવામાં આવ્યુ છે.

કોરોના સંક્રમિત થઈ સારવાર માટે આવતા ૭૦ વર્ષથી વધુ ઉમરના કોરોનાગ્રસ્ત દર્દીઓમાં ખાસ પ્રકારની સારવાર અને સારસંભાળની જરૂર પડતી હોય છે. તેમાં પણ કોમોર્બિડી ધરાવતા દર્દીઓમાં આવા વાયરસની ગંભીરતા, સંવેદનશીલતા વધુ જોવા મળે છે. આવા દર્દીઓની સારવારને લગતી પ્રાથમિક જરૂરિયાત અન્ય દર્દીઓની સરખામણીમાં વધુ સંવેદનશીલ હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સિવિલ હોસ્પિટલ દ્વારા આજ રોજ જીરીયાટ્રીક વોર્ડ કાર્યરત કરવામા આવ્યો છે. આ જીરિયાટ્રીક વોર્ડમાં દાખલ તમામ દર્દીઓ માટે અલાયદા પેશન્ટ અટેન્ડેન્ટની નિમણૂક કરવામાં આવી છે.

### આપઘાત કર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનાર્મ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. કામ કરવાની આગવી શૈલી અને મિલનસાર સ્વભાવને પગલે તેઓ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓમાં આગવી ઓળખ ધરાવતા હતા. પ્રાપ્ત માહિતીને પગલે ઓફિસ ટાઈમબાદ રાબેતા મુજબ ઘરે આવી જતા પતિ પી.જે.પટેલ મોડા સુધી ન આવતા પત્નીએ ફોન કર્યો હતો. પરંતુ ફોનની રીંગ સતત વાગી રહી હતી પરંતુ ફોન ન ઉઠાવતા પત્નીએ પોતાના સગાને વાત કરી હતી. પરિવારના સભ્યોએ એક બે કલાક પોતાની રીતે શોધખોળ કરી હતી. ત્યારબાદ પરિવારના સભ્યોએ સલામતી શાખા અને અન્ય પોલીસને જાણ કરતા તેમની શોધખોળ આદરી હતી. ત્યારબાદ પોલીસે સચિવાલય સંકુલમાં તપાસ કરતા રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં બ્લોક નં-૨ ની સામેના પાર્કિંગમાંથી ક્રેટા કાર નં.જી.જે.૧૮.બી.કે.-૭૦૫૪ જોવા મળી હતી. પોલીસ સ્ટાફે નજીક જઈને જોયું તો કારમાંથી પીઆઈ પી.જે.પટેલનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને તેમની પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ કે અન્ય લખાણ મળ્યું નથી. જયારે પીઆઈનો મૃતદેહ મળ્યો હોવાની જાણ થતા તાત્કાલીક ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. બનાવને પગલે પોલીસ બેડામાં અને પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પી.જે પટેલ પોતાની પાછળ શિક્ષિકા પત્ની, દિકરી અને દિકરાને કલ્પાંત કરતા મુકી ગયા છે. દિકરી ધોરણ-૧૨ માં અને દિકરો ધોરણ-૭ માં અભ્યાસ કરે છે. બાળકોના અભ્યાસઅર્થે તેઓ બાયડથી થોડા સમય પહેલા જ સરગાસરણ ખાતે રહેવા માટે આવ્યા હતા.

### બિલ પાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવો પડ્યો. કૃષિ બિલના પાસ થયા બાદ રાજ્યસભાની કાર્યવાહી કાલે એટલે કે ૨૧ સપ્ટેમ્બર સવારે ૯ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી. ટીએમસી સાંસદ ડેરેક ઓ બ્રાયને આ કાયદાને લોકતંત્રની હત્યા ગણાવ્યું તો કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ તેને કાળો કાયદો ગણાવ્યો. જોકે, શિરોમણિ અકાલી દળ જે બીજેપીનું સૌથી જૂનું સહયોગ હતું, તેણે બિલનો વિરોધ કર્યો. પાર્ટી સાંસદ હરસિમરત કૌર બાદલે કેબિનેટ મંત્રીના પદેથી રાજીનામું આપી દીધું. દેશભરના ખેડૂતો બિલનો વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસે સરકારને ખેડૂત વિરોધી કરાર કરી દીધું છે.

### ધરણા ઉપર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યસભામાં કિસાનોના હિસની ધોળા દિવસે હત્યા કરી દેવામાં આવી. ભારતના કિસાન મોદીને ક્યારેય માફ કરશે નહીં. ડેરેક ઓ બ્રાયને કહ્યુ કે, સરકારે છેતરપિંડી કરી. તેમણે સંસદમાં દરેક નિયમ તોડ્યો. આ દિવસ ઐતિહાસિક હતો, સૌથી ખરાબ રીતે. તેમણે રાજ્યસભા ટીવીની ફીટ કાપી દીધી, જેથી દેશ ન જોઈ શકે. તેમણે (સરકાર)એ રાજ્યસભા ટીવીને સેન્સર કરી. અમારી પાસે પૂરાવા છે.